ભા.મ./રોશની જાવક.૧૩૬
તારીખ.૨૦/૧૧/૨૩.

ભાવનગર મહાનગરપાલિકા
રોશની વિભાગ

સીટી એન્જીનિયરશ્રીની કચેરી,
મહાનગરપાલિકા ભાવનગર.
તારીખ: ૨૦/૧૧/૨૦૨૩.

# : દફ્તરી હુકમ :

વિષય : ભાવનગર મહાનગરપાલિકાની ઓન લાઈન ટેન્ડર પ્રક્રિયામાં ઇજારદાર "શ્રી મહાત્મા ગાંધી વાલ્મિકી સેનેટરી સહકારી મંડળી લિમિટેડ" દ્વારા બનાવટી અનુભવનું સર્ટીફીકેટ રજુ કર્યા બાબતે ઈ.એમ.ડી. ફોરફીટ કરી ઈજારદારના ટેન્ડર ધ્યાને ન લેવા અને ઈજારદારને કાળીયાદીમાં મુકવા બાબત.

કામનું નામ : હીલપાર્ક ચોકડીથી સિદ્દસર ગામ તરફના રસ્તે હયાત સ્ટ્રીટલાઈટના પોલ પર GI પાઈપની ફ્રેમ ઉપર GI શીટ લગાવી તેના પર જુદા-જુદા પ્રકારના ચિત્રોના 3M વિનાઈલ સ્ટીકર લગાવવાનું કામ.

સંદર્ભ: (૧) ટેન્ડર આઈ.ડી BMC/ROSHNI/1/2023-24 (3rd Attempt)
(૨) એજન્સી દ્વારા ગુજરાત મેરીટાઈમ બોર્ડનુ તા.૩૧/૧૨/૨૦૨૦ ની વિગતનુ રજુ કરેલ કામના અનુભવનુ પ્રમાણપત્ર.
(૩) ભા.મ./રોશની જાવક નં ૮૦૬, તા.૦૬/૧૦/૨૦૨૩
(૪) પોર્ટ ઓફિસરશ્રી GMB નો પત્ર ક્રમાંક ગુમેબો/બંકભા/જનરલ/એનઓસી/૭૭૦, તા.૦૯/૧૦/૨૦૨૩
(૫) ભા.મ./રોશની જાવક નં ૮૨૪, તા.૧૨/૧૦/૨૦૨૩
(૬) એજન્સીનો તા.૧૬/૧૦/૨૦૨૩ નો લેખિત ખુલાસા પત્ર

ઉપરોક્ત વિષય તથા વંચાણે લીધેલ ૧ થી ૬ સંદર્ભ મુજબ, ભાવનગર મહાનગરપાલિકા દ્વારા સંદર્ભ (૧) મુજબના કામ માટે ભાવો માંગવાની કરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયામાં બીડર " શ્રી મહાત્મા ગાંધી વાલ્મિકી સેનેટરી સહકારી મંડળી લિમિટેડ, B-1, ગીતાંજલી કોમ્પલેક્સ, કાળાનાળા રોડ, ભાવનગર" દ્વારા ભાગ લીધેલ હતો. જેમાં, સદરહુ બીડર દ્વારા હાર્ડ કોપીમાં રજુ કરેલ ડોક્યુમેન્ટમાં ગુજરાત મેરીટાઈમ બોર્ડ "બંદર અધિકારીશ્રીની કચેરી, ભાવનગર, ના લેટર હેડ પર "The work of 3M vinyl sticker board with GI sheet at Ship breaking recycling yard Alang & Sosiya" વિગતનુ તા: ૩૧/૧૨/૨૦૨૦નુ Experience certificate, રજુ કરેલ. જે અન્વયે વંચાણે લિધેલ સંદર્ભ (૩) ની વિગતે એજન્સી દ્વારા રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રની ખરાઈ કરવા ગુજરાત મેરીટાઈમ બોર્ડ, ભાવનગર કચેરીને જાણ કરતા વંચાણે લિધેલ સંદર્ભ (૪) ની વિગતે બંદર અધિકારીશ્રી, ભાવનગર, બંદરો દ્વારા એજન્સી શ્રી મહાત્મા ગાંધી વાલ્મિકી સેનેટરી સહકારી મંડળી લિમિટેડ" ને પ્રમાણપત્રમાં દર્શાવેલ સમય દરમ્યાન કોઈ પ્રકારની કામગીરી કે પ્રમાણપત્ર આપવામાં આવેલ નથી તેમજ પ્રમાણપત્ર બનાવટી હોવાનુ જણાતુ હોય તેવુ જણાવેલ છે.

ઉક્ત તમામ વિગતો ધ્યાને લઈ એજન્સીને બનાવટી પ્રમાણપત્ર રજુ કરવા બદલ ઈ.એમ.ડી ફોરફીટ કરીને કાળી યાદીમાં કેમ ન મુકવી તે બાબતે તેઓને ખુલાસો/રજુઆત કરવા એક તક આપવા રૂબરૂ સુનાવણી માટે વંચાણે લીધેલ સંદર્ભ (૫) થી માન.કમિશનરશ્રી સમક્ષ રૂબરૂ હાજર રહેવા જાણ

કોમ્પ્યુટર વિભાગ
ઈન્વર્ડ નંબર 2133-A
તા. 20-11-23

ભાવનગર મહાનગરપાલિકા

રોશની વિભાગ

કરવામાં આવેલ જે અન્વયે વંચાણે લીધેલ સંદર્ભ (૬) થી એજન્સી દ્વારા લેખીત ખુલાસો/રજુઆત રજુ કરેલ હતી.

વંચાણે લીધેલ સંદર્ભ (૬) ની વિગતે એજન્સી દ્વારા કરવામાં આવેલ લેખીત ખુલાસામાં એજન્સી દ્વારા સ્પષ્ટ પણે સ્વિકાર કરેલ છે કે ટેન્ડરમાં રજુ કરેલ પ્રમાણપત્ર મુજબની તેઓ દ્વારા ગુજરાત મેરીટાઈમ બોર્ડ માં કોઈ કામગીરી કરેલ નથી અને આ પ્રમાણપત્ર તેઓના અવિશ્વાસુ માણસો દ્વારા ટેન્ડરના ટેકનિકલ કવરમાં નાંખી દીધુ હોય તેવુ જણાવેલ છે. એજન્સી દ્વારા આપવામાં આવેલ લેખિત ખુલાસો ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતો નથી.

ઉક્ત તમામ બાબતો ધ્યાને લેતા એજન્સી "શ્રી મહાત્મા ગાંધી વાલ્મિકી સેનેટરી સહકારી મંડળી લિમિટેડ, B-1, ગીતાંજલિ કોમ્પલેક્સ, કાળાનાળા રોડ, ભાવનગર" દ્વારા ટેન્ડર ડોક્યુમેન્ટમાં કામના અનુભવનુ બનાવટી પ્રમાણપત્ર રજુ કરેલ હોય એજન્સીની EMD ની રકમ ફોરફીટ કરવા સાથે દફ્તરી હુકમની તારીખથી પાંચ વર્ષ માટે "કાળી યાદી"માં મુકવા હુકમ કરવામાં આવે છે.

સબંધિત બાબતે તમામ વિભાગોએ અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

**"નોંધ પર માન. કમિશ્નરશ્રીની આજ્ઞાનુસાર"**

૨૦-૧૧-૨૩

સીટી એન્જીનિયર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

સવિનય નકલ રવાના - જાણ સારું :

(૧) માન.કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા

(૨) નાયબ કમિશનરશ્રી (એડમીન), ભાવનગર મહાનગરપાલિકા.

(૩) નાયબ કમિશનરશ્રી (જનરલ), ભાવનગર મહાનગરપાલિકા.

(૪) સીટી એન્જીનીયરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા.

(૫) ચીફ ઓડીટરશ્રી, ઓડીટ વિભાગ, ભાવનગર મહાનગરપાલિકા.

(૬) ચીફ એકાઉન્ટન્ટ ઓફિસરશ્રી, એકાઉન્ટ વિભાગ, ભાવનગર મહાનગરપાલિકા.

નકલ રવાના:-

(૧) શ્રી મહાત્મા ગાંધી વાલ્મિકી સેનેટરી સહકારી મંડળી લિમિટેડ, B-1, ગીતાંજલિ કોમ્પલેક્સ, કાળાનાળા રોડ, ભાવનગર

(૨) મ.ન.પા, ભાવનગરના તમામ વિભાગો

(૩) ઈ.ડી.પી.મેનેજરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા. (બી.એમ.સી.ની વેબસાઈટ પર બ્લેક લીસ્ટની યાદીમાં સમાવેશ કરવા સારૂ).

(૪) બંદર અધિકારીશ્રી, ભાવનગર,બંદરો, ગુજરાત મેરીટાઈમ બોર્ડ-ભાવનગર. (એજન્સી દ્વારા આપના વિભાગનું બનાવટી અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરેલ હોય, આપના વિભાગેથી એજન્સી વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી થવા અભિપ્રાય થાય છે.)